Received on : 05-06-2026
Registered on : 05-06-2026
Decided on : 11-06-2026
Duration : Y M D
- - 06

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં. ૪૬૦/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** દેવાભાઈ લખમણભાઈ મોરી,
ઉ.વ.આ.૨૭, ધંધો-માલધારી,
રહે. પંચેશ્વર, આવળ આઈના મંદીર પાસે,
જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી), ૬૫(સી), ૬૫(ડી), ૬૫(ઈ), ૬૫(એફ) મુજબ.

**સંદર્ભ :-** જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૩૮૦/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એન.બી.લાખાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

-: ઠ રા વ :-

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૩૮૦/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી), ૬૫(સી), ૬૫(ડી), ૬૫(ઈ), ૬૫(એફ) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી બી.એ.રવૈયા, એ.એસ.આઈ. એ.ડીવી.પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એન.બી.લાખાણીનાઓએ રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧ ૨૦૩૦૨૩૨૬૦૩૮૦/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી), ૬૫(સી), ૬૫(ડી), ૬૫(ઈ), ૬૫(એફ) મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામની તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ફરીયાદ આપવામાં આવેલ છે અને અરજદાર/આરોપીની તા.૧૬/૦૫/૨૦૨૬ ના રોજ અટક કરેલ છે અને ત્યારથી અરજદાર/આરોપી કસ્ટડીમાં રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ પહેલા ફો.પ.અ.નં.૩૯૯/૨૬ થી જામીન અરજી કરેલ હતી જે જામીન અરજી અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં

આવેલ છે. હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. વધુમાં હાલના કામે અરજદાર/આરોપી બનાવવાળી જગ્યાએથી રંગે હાથ પકડાયેલ હોય તેવું પણ બનેલ નથી. બલકે ફરીયાદ ધ્યાને લેતા કાળવાના વોકળામાં જતા ચુલા સળગતા હોવાની હકીકત જણાવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીના કબજામાંથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી બનાવ સ્થળેથી ભાગી ગયેલ હોય તેવું પણ ફરીયાદમાં જણાવેલ નથી. હાલના કામના ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા મેજીસ્ટ્રેટશ્રીને રહેલ છે. આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ જેના ફોજદારી કેસ નં.૧૭૪૪/૨૬ રહેલ છે. વધુમાં બનાવવાળી જગ્યા અરજદારની માલીકીની નથી તેમજ હાલના કામના ગુનાની ફરીયાદ થયાને આશરે ૧ મહિના બાદ એટલે કે, તા.૧૬/૦૫/૨૦૨૬ ના રોજ અરજદાર/આરોપીને પકડેલ છે. તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આરોપી સામે અન્ય ગુના નોંધાયેલ હોવાનું જણાવેલ છે. જે પૈકી મોટાભાગના કેસો પુર્ણ થઈ ગયેલ છે. જયારે ૧૧ કેસો પેન્ડીંગ છે. આ કામના ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલા વાળા છે. અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે પોલીસ સાહેદ રહેલ છે જેથી તેઓને તોડવા ફોડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ, અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામે અરજદાર/આરોપી સામે કુલ–૪૫ પ્રોહીબીશનના ગુના નોંધાયેલ હોવાનું તપાસ કરનાર અધિકારીના સોગંદનામામાં ફલીત થાય છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ ફો.પ.અ.નં.૩૯૯/૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી

જે નામંજુર કરવામાં આવેલ છે. હાલના કામના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી શ્રી બી.એ.રવૈયા, એ.એસ.આઈ. એ.ડીવી.પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું આંક–૦૬ નું સોગંદનામુ વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ જાહેરમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવી દારૂ બનાવવાનો આથો લીટર ૨,૦૦૦/– કિં.રૂા.૫૦,૦૦૦/–, દેશી દારૂ લીટર ૭૦ કિં.રૂા.૧૪,૦૦૦/– તથા ભઠ્ઠીના સાધનો કિં.રૂા.૩,૦૦૦/– મળી કુલ રૂા.૬૭,૦૦૦/– નો મુદદામાલ રાખી રેડ દરમ્યાન હારજ નહી મળી આવી ગુનો કરેલ છે.

ત્યારબાદ તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપી પકડાઈ જતા હાલમાં તેઓ જયુડી.કસ્ટડીમાં રહેલ છે.

(૬) હાલના કામનું રેકર્ડ ધ્યાને આ કામના અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં અગાઉ ફો.પ.અ.નં.૩૯૯/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ હોય જેથી અરજદાર/આરોપી ધ્વારા હાલની જામીન અરજી લાવેલ છે. આ કામનું રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપી સામે અગાઉ અન્ય ૪૪ ગુના નોંધાયેલા છે જે પ્રોહીબીશન અંગેના ગુના રહેલ છે. જેથી હાલના કામના અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું ફલીત થાય છે. વધુમાં હાલના કામના ગુનાની ફરીયાદ નોંધાયા બાદ હાલના કામના અરજદાર/આરોપી લાંબાસમય સુધી નાસતા ફરતા રહેલ

છે અને તે સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહે નહી તેવી ફરીયાદપક્ષની દહેશત નકારી શકાય તેમ નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આવા પ્રકારનો ગુનો કરવાની માનસીકતા ધરાવતા લોકોને પ્રોત્સાહન મળે તેમ છે. વધુમાં હાલના અરજદાર/આરોપીની ચાર્જશીટ પહેલા ફો.પ.અ.ન.૩૯૯/૨૬ થી જામીન અરજી નામંજુર કરેલ હતી. ત્યારબાદ હાલના કામે ગુનાનું ચાર્જશીટ થઈ ગયેલ હોય તે માત્રથી કેસના સંજોગોમાં ફેરફાર થયેલ હોય તેવું ગણી શકાય નહી.વધુમાં આ કામે આરોપી સામે દેશી દારુ બનાવાની ભઠઠી ચલાવવા અંગેનો ગં ભીર પ્રકારના ગુનાનો અક્ષેપ રહેલ છે. જેથી પણ ગુનાની ગંભરીતા વધી જાય છે. વધુમાં પ્રોહીબીશન દારૂના સેવનથી સામાન્ય માણસ પોતાની કમાણીનો મોટોભાગ આવા વ્યસનમાં વાપરી નાખે છે અને તે કારણસર તેના કુટુંબમાં જરૂરી વસ્તુ માટે સં ઘર્ષ કરવો પડતો હોય છે અને તે કારણસર તે વ્યકિતના કુટુંબના સભ્યો કે બાળકોનું જીવનધોરણને પણ ખુબ મોટી અસર કરે છે. ઘણા કિસ્સામાં આવી કુટેવથી પીડાતી વ્યકિતના બાળકો ભોજન પણ મેળવી શકતા નથી કે શાળામાં અભ્યાસ કરવાથી વં ચિત રહી જાય છે. તેમજ ઘણા કિસ્સાઓમાં આવા દારૂનુ સેવન કર્યા બાદ વ્યકિત પોતાની પત્ની કે ઘરના બાળકોને મારઝુડ કરી તકરાર કરતા હોય છે અનુ તે કારણસર ગુનાનું ખુબ મોટું સ્વરૂપ ઉદભવવવા પામે છે. વધુમાં દારૂના સેવનથી વ્યકિત પોતે તો બરબાદ થાય જ છે પણ સાથેસાથે તેનું આખું કુટુંબ પણ બરબાદ થઈ જાય છે. વધુમાં તાજેતરમાં નસીલા પ્રવાહીનું સેવન કર્યા બાદ ખુબજ જઘન્ય પ્ર કારના ગુનાહિત કૃત્યને અંજામ આપવામાં આવતું હોય છે. આમ, આવા પ્રકારનું નસીલું દ્રવ્ય એક પ્રકારે વ્યકિતને ગુનો આચરવામાં પ્રોત્સાહીત કરે છે અને સારા નરસાનો નિર્ણય લેવામાં પણ અવરોધરૂપ બને છે. વધુમાં તાજેતરમાં જેરી દેશી દારૂ પીવાના કારણસર ઘણા કિસ્સામાં લઠઠાકાંડ જેવી દુ:ખદ ઘટના પ્રકાશમાન થયેલ છે. આમ, હાલના કામનો ગુનો ધ્યાને લેતા સમાજ વિરોધી તો રહેલ છે.

તેમજ સાથેસાથે દેશમાં રહેલ નાગરીકોના સ્વાસ્થ્ય સાથે છેડા થાય છે. જેથી આવી પ્રવૃતિ દેશ વિરોધી પ્રવૃતિ ગણાય. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવતા હોવાનો આક્ષેપ રહેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી સામેનો ગુનો તે રીતે અતિ ગંભીર પ્રકારનો બની રહે છે. વધુમાં આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ આરોપી સ્થળ ઉપરથી મળી ન આવેલ હોવાની હકીકત જણાવેલ છે. જો કે, આ કામે એફ.આઈ.આર.ધ્યાને લેતા પ્રથમથી જ હાલના કામના અરજદાર/આરોપીનું ગુનામાં નામ રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આરોપી સામેનો આક્ષેપીત ગુનો જણાવવામાં આવેલ ગુના પૈકી મોટાભાગના કેસો પુર્ણ થઈ ગયેલ છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. જયારે ૧૧ કેસો પેન્ડીંગ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીને તેઓની સામે પ્રોહીબીશનને લગતા ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ હોય તે માત્રથી અરજદાર/આરોપી આવા પ્રકારના ગુનાઓ આચરવાની માનસીકતા ધરાવતા ન હોવાનું માની શકાય નહી. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:હુકમ:-</u>**

- હાલના અરજદાર/આરોપી દેવાભાઈ લખમણભાઈ મોરી, રહે. પંચેશ્વર, આવળ આઈના મંદીર પાસે, જુનાગઢવાળાની જૂનાગઢ એ.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧ ૨૦૩૦૨૩૨૬૦૩૮૦/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી), ૬૫(સી), ૬૫(ડી), ૬૫(ઈ), ૬૫(એફ) મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી

'નામંજુર' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૬/૨૦૨૬

જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**

છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,

જુનાગઢ

(કોડ નં.જીજે.૦૦૯૬૫)